# જયંતી ભાનુશાળી હત્યા કેસ, છબીલ સાથે સમાધાનમાં મધ્યસ્થી બનેલા મનજી બાપુની પૂછપરછ થશે

(હિ.સ) અમદાવાદઃ જયંતી ભાનુશાળી હત્યા મામલે પોલીસ રાતાતળાવ ગામના વતની અને ભાનુશાળી સમાજના સામાજિક અગ્રણી મનજી બાપુ(મનજી ખીયશી ભાનુશાળી)ની પણ પૂછપરછ કરી શકે છે. મનજી બાપુએ થોડા સમય પહેલા છબીલ પટેલ અને જયંતી ભાનુશાળી સાથે સમાધાન કરાવ્યું હોવાની ચર્ચા ચાલી હતી. જયંતી ભાનુશાળી ભૂજથી અમદાવાદ આવતાં પહેલાં પણ તેઓ મનજી બાપુને મળીને નીકળ્યા હોવાની જાણવા મળેલી હકીકતોને ધ્યાનમાં લઇને સીઆઇડી ક્રાઇમ તેમની પણ પૂછતાછ કરશે.

(પોલીસને જયંતી ભાનુશાળીનું ફેક આઈડી મળ્યું, ફોટો તેમનો અને નામ-એડ્રેસ અન્યના)

મનિષા ગોસ્વામી ખંડણી પ્રકરણમાં મનજીબાપુ મધ્યસ્થી હતા

૧.થોડા મહિના પહેલા સુરતમાં જયંતી ભાનુશાળી સામે દુષ્કર્મની ફરિયાદ થઈ હતી. ત્યાર બાદ પૂર્વ ધારાસભ્ય અને જયંતી ભાનુશાળીના રાજકીય હરિફ



છબીલ પટેલ વચ્ચેની રાજકીય દુશ્મનાવટ બહાર આવી ગઈ હતી અને થોડા સમયમાં જ છબીલ સામે પણ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. ત્યાર બાદ એક કાર્યક્રમમાં મનજી બાપુએ મનિષા ગોસ્વામી અને સુનિલ ભાનુશાળી વચ્ચેના ખંડણી પ્રકરણમાં જયંતી ભાનુશાળી અને છબીલ વચ્ચે સમાધાન કરાવ્યું હતું.

૨.જયંતી ભાનુશાળીના હત્યા બાદ મનજી બાપુએ જણાવ્યું હતું કે સમગ્ર મામલે સીબીઆઈ તપાસ થવી જોઈએ. તેમણે આક્ષેપ લગાવ્યો હતો કે રાજકીય અદાવતમાં આ હત્યા કરાઈ છે. જયંતિ ભાનુશાળીની હત્યાથી સમાજ ખૂબ દુઃખી છે.

# શહેરમાં ભરશિયાળે જળ કટોકટી, ૫૫ને બદલે માંડ ૧૫ મિનિટ પાણી મળે છે

(હિ.સ) અમદાવાદ : સ્માર્ટ સિટીની વાતો વચ્ચે વડોદરા મહાનગર સેવા સદન શહેરીજનોને નિયમ પ્રમાણે પીવા માટે વ્યક્તિ દીઠ દૈનિક ૨૦થી ૩૦ લિટર અને વપરાશ માટે ૧૫૦ લિટર પાણી આપવામાં નિષ્ફળ પુરવાર થયું છે. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ભર શિયાળે ઓછા પ્રેશરથી અને દૂષિત પાણી મળતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. કોર્પોરેશન ૫૫ મિનિટ પાણી આપવાને બદલે માંડ ૧૫થી ૨૦ મિનિટ પાણી પૂરું પાડે છે.

લોકો ગેરકાયદે પાણીના કનેક્શન લે છ

-કોર્પોરેશન દ્વારા ગેરકાયદે પાણીના જોડાણો કાપવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ૪૫૦ જેટલા જોડાણો કાપીને સંતોષ માન્યો છે. તો બીજી તરફ ઘણા લોકો પાણીનો પ્રશ્ન



હલ કરવા ગેરકાયદે જોડાણો પણ જોડી રહ્યા છે. જ્યારે અમુક વિસ્તારમાં લોકો ટેન્કરો દ્વારા પાણી મંગાવી રહ્યા છે.

વડોદરા મહાનગર સેવા સદનના પાણી પુરવઠા વિભાગના અધિકારી અલ્પેશ મજમુદારે જણાવ્યું હતું કે, શહેરમાં પ્રતિદિન ૫૦૦ મિલિયન લિટર પાણીની માંગ છે. કોર્પોરેશન દ્વારા ખાનપુર, મહિસાગર અને આજવા સરોવર દ્વારા શહેરીજનોને પાણી પૂરું પાડવામાં આવે છે. ચાલુ વર્ષે વરસાદની ઘટ હોવાથી આજવા સરોવરમાં પાણીનું લેવલ ઓછું છે. શહેરના ૧૫થી ૨૦ ટકા વિસ્તારમાં પુરતા પ્રેશરથી પાણી મળતું ન હોવાની ફરિયાદો છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલે જણાવ્યું કે, શહેરીજનોને પુરતા પ્રેશરથી અને શુદ્ધ પાણી મળવું જોઇએ. જે વિસ્તારમાં ઓછા પ્રેશરથી અને દૂષિત પાણી મળે છે, તે વિસ્તારમાં ત્વરીત કામગીરી કરવામાં આવે છે. આગામી દિવસોમાં શહેરીજનોને પુરતા પ્રેશરથી અને શુદ્ધ પાણી મળે તે માટે નક્કર આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ઘોઘા-દહેજ ફેરી સર્વિસનું પેસેન્જર શીપ પણ બંધ કરાયું છે

ભાવનગર/વડોદરા : ઘોઘા-દહેજ રોપેક્ષ સેવામાં એક સાંધો ત્યાં તેર તૂટે તેવો ઘાટ સર્જાયો છે. લોકાર્પણથી લઈ સેવા શરૂ થયા સુધી અનેક વિઘ્નોનો સામનો કરતી આવેલી આ સેવા શરૂ થયાના ૨૯માં દિવસે ગત ૨૧ નવેમ્બરે દહેજથી ઘોઘા આવવા નીકળલા જહાજનું મધદરિયે એન્જીન ફેઈલ થઈ જતા રો-પેક્ષ સેવા અચોક્કસ મુદ્દત માટે બંધ કરી દેવાઈ છે. ત્યાં આજે સોમવારે સેવા શરૂ થયાના ૩૧માં દિવસથી પેસેન્જર શિપ પણ બંધ કરાયુ છે.

૮૨૫ કરોડ પ્રોજેક્ટ અને શિપ પાછળ ખર્ચાયા બાદ પણ રો-પેક્ષ સેવાની સમુદ્રી સફરની ગાડી પાટે ચડતી નથી. હજુ ગત ૨૧ નવેમ્બરે દહેજથી ઘોઘા આવતા વોયેજ સિમ્ફની જહાજનું એન્જીન મધદરિયે ફેઈલ થઈ જતા સાંજે ઘોઘાથી દહેજ જતી ટ્રીપ કેન્સલ કરવી પડી હતી. જેના કારણે ટિકિટનું રિફન્ડ મેળવવા મુસાફરોએ દેકારો મચાવ્યો હતો.

ત્યાં આજે સોમવારથી ઘોઘા-દહેજ વચ્ચે પેસેન્જર શિપ પણ બંધ કરી દેવાતા અગાઉથી ટિકિટ બુક કરનારા મુસાફરોને રિફન્ડ આપવાનો વારો આવ્યો હતો. અચાનક પેસેન્જર શિપ બંધ થતા ભાવનગરના વિકાસના દ્વાર ખોલનારી સમુદ્રી સેવાના ભાવિ સામે પ્રશ્નાર્થ ઉભો થઈ ગયો છે.

આ અંગે ઈન્ડિગો કંપનીના અધિકારી વિક્રમભાઈનો ટેલિફોનિક સંપર્ક સાધતા તેઓએ સમગ્ર ઘટનાક્રમ અને સર્જાયેલી સ્થિતિનો બચાવ કરતા જણાવ્યુ હતુ કે, આગામી ૯ ડિસેમ્બરથી ઘોઘાથી દહેજ રો રો સેવા હજીરા સુધી લંબાવવાનું આયોજન છે. જેથી મુંબઈની ટીમ ઘણા દિવસોથી આવી ગઈ છે.

વોયેજ સિમ્ફની જહાજ બંધ થતા આ ટીમને બેસાડી રખાઈ હતી. હવે આ ટીમ જરૂરી મેન્ટેનન્સ અને સેવાને અડચણો ન નડે તે માટે નક્કર આયોજન કરવા જહાજનું ઓવર ઓઈલીંગ અને કિનારે જરૂરી સુવિધા ચકાસવાની કામગીરી કરવાની હોય આજથી ઘોઘા-દહેજ પેસેન્જર શિપ બંધ કરાયુ છે. આ સેવા ફરી ક્યારે શરૂ થશે તેવું પૂછતા તેઓએ ચોક્કસ તારીખ જણાવી ન હતી પણ ઘોઘાથી હજીરા સુધીની સેવા આગામી ૯ ડિસેમ્બરથી શરૂ થઈ જશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, જહાજની કિંમતની વાત કોરાણે મૂકીએ તો સમગ્ર પ્રોજેક્ટ પાછળ ૭૦૦ કરોડનો ખર્ચ સરકારે કર્યો છે. ૭૦૦ કરોડના અધધ..ખર્ચ છતાં માત્ર ૨૯માં દિવસે રો-પેક્ષ સેવા બંધ થઈ જાય અને ૩૦માં દિવસે પેસેન્જર શિપ પણ બંધ થઈ જાય તે કરૂણાજનક બાબત છે.ભાવનગરને સુરત સાથે જોડવા માટે કેન્દ્ર સરકારે હકારાત્મક આયોજન કર્યુ છે તેમાં બેમત નથી પરંતુ અધધ..થયેલા ખર્ચનો હિસાબ માંગવામાં અને નક્કર સુવિધા ઉભી કરવામાં જવાબદારોએ ચોક્કસ કચાશ રાખી છે તેમાં બેમત નથી.ત્યારે ૭૦૦ કરોડ ખર્ચનારાઓ પાસે હિસાબ માંગવો સરકારની ફરજ છે, કારણ કે, આ કરોડોની રકમ સરકારની તિજોરીમાંથી ભલે ગઈ હોય પણ સરવાળે આ રકમ પ્રજાએ પરસેવાની કમાણીમાંથી ભરેલા ટેક્ષની રકમ છે. એટલે પ્રજાને જવાબ માંગવાનો પૂરો અધિકાર છે.આગામી ૯ ડિસેમ્બરથી ઘોઘાથી દહેજ રો રો સેવા હજીરા સુધી લંબાવવાનું આયોજન છે. જેથી મુંબઈની ટીમ આવી ગઈ છે.

# શહેર અને જિલ્લાના નાગરિકો હવે ઘરે બેઠાં ૭-૧૨ના નમૂના ઓનલાઇન મેળવી શકશે

(હિ.સ)વડોદરાઃ વડોદરા શહેર અને જિલ્લાના નાગરિકો હવે ઘરે બેઠાં ૭-૧૨ના નમૂના ઓનલાઇન મેળવી શકશે. જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા વડોદરા શહેરના ૯૦ હજાર અને જિલ્લાના મળી કુલ ૫૧ લાખ જેટલા ૭-૧૨ના નમૂનાનું ડિજિટલાઇઝેશન પૂરું કરવામાં આવ્યું છે. જ્યારે હાલ આ સ્કેનિંગ કરાયેલા નમૂનાઓનું વેરિફિકેશન શરૂ કરાયું છે. જે બાદ સ્ટેટના મુખ્ય સર્વર પર આ ૭-૧૨ના નમૂનાઓને અપલોડ કરાતાં શહેરીજનો પણ ઓનલાઇન પોતાના ૭-૧૨ના નમૂનાની કોપી મેળવી શકશે.

એજન્સીએ ૨૯-૯-૧૮ થી ૭-૧૨ના નમૂનાઓનું સ્કેનિંગ કરવાનું શરૂ કર્યું હતું

૧.જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલના જણાવ્યાં અનુસાર, મહેસૂલ ખાતામાં પારદર્શિતા લાવવા માટે ડિજિટલાઇઝેશનનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં નાગરિકોને પોતાના ૭-૧૨ના દાખલા, મકાનોના દસ્તાવેજો હોય અથવા અન્ય સેવાઓ હોય તેમને ઘર બેઠાં ઓનલાઇન દસ્તાવેજો મળી રહે તે માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો ધ્યેય છે. વડોદરા શહેર અને જિલ્લાના કુલ ૫૧ લાખ જેટલા ૭-૧૨ના નમૂનાઓનું કુબેરભવન ખાતે સ્કેનિંગનું કામ કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. એજન્સીએ ૨૯-૯-૧૮ થી ૭-૧૨ના નમૂનાઓનું સ્કેનિંગ કરવાનું શરૂ કર્યું હતું,જે નવેમ્બર ૨૦૧૮ સુધી ચાલ્યું હતું.

હજુ ઓનલાઈન થતાં ૬ મહિના જેટલો સમય

૨.કલેક્ટર કચેરીના સુત્રઓ જણાવ્યું હતું કે ૭-૧૨ના ઉતારા ઓનલાઈન જોઈ શકાય તે માટે લોકોએ હજી અંદાજે ૬ મહિના રાહ જોવી પડશે. આ ઉતારા કઈ સાઈટ પર જોઈ શકાશે તેની આગામી દિવસોમાં જાણ કરવામાં આવશે. હાલ આ પક્રિયા ઝડપથી ચાલી રહી છે.

રોજ ૧૮ કલાકમાં ૫૦ હજાર દસ્તાવેજો સ્કેન કરાયા

૩.સેટેલાઇટ ઇન્ફોમેટિક્સ પ્રા.લિના સમીર શાહના જણાવ્યા અનુસાર, એજન્સીના કર્મચારીઓ દ્વારા રોજ બે શિફ્ટમાં ૧૮ કલાક ૭-૧૨ના દાખલાનું સ્કેનિંગ કરવામાં આવતું હતું. જેમાં રોજ ૧૮ કલાકમાં ૫૦ હજારથી વધારે પેજનું સ્કેનિંગ થતું હતું.

દક્ષિણનાં ૮ ગામોના સૌથી વધુ ૭-૧૨ના નમૂનાઓ સ્કેન થયા

૪.શહેરના કુલ ૨૮ ગામોના ૯૦,૫૯૩ નમૂનાઓનું સ્કેનિંગ થયું છે. જેમાં ઉત્તરનાં ૬ ગામોના ૧૭,૧૨૭, દક્ષિણનાં ૮ ગામોના ૨૮,૩૨૮,પૂર્વનાં ૬ ગામોના ૨૧૫૦૫ અને પશ્ચિમનાં ૮ ગામોના ૨૩૬૩૩ ૭-૧૨ના નમૂનાઓનું સ્કેનિંગ પૂરું કર્યુ છે.વડોદરા શહેર અને જિલ્લાના નાગરિકો હવે ઘરે બેઠાં ૭-૧૨ના નમૂના ઓનલાઇન મેળવી શકશે. જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા વડોદરા શહેરના ૯૦ હજાર અને જિલ્લાના મળી કુલ ૫૧ લાખ જેટલા ૭-૧૨ના નમૂનાનું ડિજિટલાઇઝેશન પૂરું કરવામાં આવ્યું છે. જ્યારે હાલ આ સ્કેનિંગ કરાયેલા નમૂનાઓનું વેરિફિકેશન શરૂ કરાયું છે. જે બાદ સ્ટેટના મુખ્ય સર્વર પર આ ૭-૧૨ના નમૂનાઓને અપલોડ કરાતાં શહેરીજનો પણ ઓનલાઇન પોતાના ૭-૧૨ના નમૂનાની કોપી મેળવી શકશે.

# સમસ્યાઓથી સળગતા કચ્છમાં વિરોધ પક્ષ કોંગ્રેસ નબળો પુરવાર

અમદાવાદ : બહારાથી આવતા પ્રવાસીઓનું મન મોહી લેતા અને આકર્ષક લાગતા કચ્છ પ્રદેશના સૃથાનિક પ્રજાજનો વર્ષોથી અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. એક તબક્કે સમગ્ર કચ્છ જિલ્લો વિવિધ સમસ્યાઓથી સળગી રહ્યો છે. જેનો ઉકેલ લાવવામાં શાસકપક્ષ તો નિષ્ફળ ગયો જ છે, પરંતુ વિરોધપક્ષ પણ નબળો પુરવાર થયો છે. લાંબા સમયાથી કચ્છમાં વિરોધપક્ષની ભૂમિકા અદા કરતા કોંગ્રેસના આગેવાનોને જિલ્લાની જનતાએ દસકાઓથી કોઈ અસરકારક લડત કે આંદોલન કરતા જોયા જ નાથી!

કચ્છના મોટાભાગના રાજકીય નેતાઓ પછી તે કોઈપણ પક્ષના હોય, પ્રજાનો દ્રોહ કરી રહ્યા છે. પ્રજાનું પ્રતિનિધિત્વ કરવાના બહાને આગળ આવ્યા બાદ પોતાના સ્વાર્થ સાધવામાંથી ઉંચા આવતા નાથી. તેવી સ્થિતિ વચ્ચે કચ્છમાં ઘણા સમયાથી સત્તામાં રહેલો ભાજપ તો લોકોના કામ કરવામાં નિષ્ફળ ગયો જ છે, પરંતુ કોંગ્રેસ પણ પ્રજાની પડખે ઉભા રહેવામાં પાછીપાની કરી રહ્યો છે. લોકોમાંથી બહાર આવતી ચર્ચાઓ અનુસાર રાષ્ટ્રીય બાબતોના મુદ્દામાં ઉપરાથી ફરમાન આવે ત્યારે પાંચ-પચ્ચીસ કાર્યકરો દેખાડા ખાતર ભેગા થઈને સુત્રોચ્ચાર કરીને વિરોધનું તૂત કરે છે. આ સિવાય સીએમ કે પીએમની મૂલાકાત વખતે અગાઉાથી નક્કી કરાયેલા નાટક અનુસાર ધરપકડ વહોરી પ્રજાની આંખમાં ધુળ નાંખવાનો પ્રયાસ કરાય છે. પરંતુ વાસ્તવિક રીતે એક પણ સૃથાનિક મુદ્દે કોંગ્રેસના કોઈ આગેવાને વિપક્ષ તરીકે લાંબી લડત આપી નાથી. ઉજ્જડ રણમાં એરંડોપ્રાધાન કહેવત અનુસાર વિકલાંગ જેવા વિરોધપક્ષના લીધે સત્તાપક્ષ ભાજપને મોકળુ મેદાન મળી ગયું છે. કોઈ ચૂંટણીમાં જીતવા માટે પ્રયાસ કરવો પડતો નાથી. કારણ કે પ્રજામાં નોંધ લેવાય તેવી વિરોધપક્ષની કોઈ કામગીરી જ નાથી. વળી પ્રજા પાસે આ બન્ને પક્ષ સિવાય કોઈ વિકલ્પ પણ નાથી. ગાંધીધામ ફ્રી હોલ્ડ જમીન કે હાલમાં વકરેલી અસામાજિક પ્રવૃત્તિઓથી હજારો લોકો ત્રાસી ગયા છે. પરંતુ વિપક્ષ કોંગ્રેસના કોઈ આગેવાને એકાદ પત્ર લખવા સુદ્ધાની તસ્દી લીધી નાથી. મગફળી કૌભાંડમાં છેક ગાંધીનગરાથી વિધાનસભાના વિપક્ષીનેતાએ દોડી આવીને વિરોધ કરવો પડયો હતો.

ભુજના સરકારી દવાખાનાના ખાનગીકરણનો વાજતે-ગાજતે વિરોધ કર્યા બાદ અચાનક જ બધુ સંકેલાઈ ગયું હતું. ગામડાઓમાં શૈક્ષણિક અને આરોગ્યને લગતી સેવાઓ સાવ કાથળી ગઈ છે. પણ પ્રજાની આ વેદનાને વાચા આપવાના બદલે ફક્તને ફક્ત સત્તા ખૂંચવી લેવાના સેટીંગ સિવાય કોંગ્રેસના નેતાઓ કંઈ જ કરતા નાથી. પ્રજાનો અવાજ બનવાનો મોકો મળ્યો હોવાછતાં કંઈ ન ઉકાળી શકનાર કોંગ્રેસના આગેવાનો હવે ૨૦૧૯માં ક્યાં મોઢે પ્રજા પાસે મત માગવા જશે? તે પેચીદો પ્રશ્ન લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

જૂના-સાચા કાર્યકરોના જીવ બળે છે, પણ તક નથી મળતી

કચ્છ કોંગ્રેસના વિકલાંગ જેવા બની ગયેલા માળખાને લઈને જૂના અને સાચા કેટલાક આગેવાનો કે કાર્યકરોનો જીવ બળી રહ્યો છે. પ્રજા માટે આવા આગેવાનોને કામ કરવું છે. પરંતુ તેમને આગેવાની લેવાની તક આપવામાં આવતી નથી. માટે તેના હાથ બંધાઈ ગયા છે. ઘણી વખત આવા આગેવાનો જાહેરમાં અફસોસ કરતા સંભળાય છે કે, હવે પહેલા જેવી કોંગ્રેસ નથી રહી.

કોન્ટ્રાક્ટ અને ભ્રષ્ટાચારમાં ભાગીદારી, સેટીંગ ન થાય તો વિરોધ!

લોકોમાં ચર્ચાતી વિગતો અનુસાર કચ્છમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે એક પ્રકારનું સેટીંગ થઈ હોય તેવી હાલત છે. પાલિકા-પંચાયતો અને સરકારી વિભાગો દ્વારા આપવામાં આવતા વિવિધ કામગીરીના કોન્ટ્રાક્ટમાં રીતસરની ભાગબટાઈ થતી જોવા મળે છે. ઉપરાંત ભ્રષ્ટાચારથી માંડીને ધંધામાં પણ ભાગીદારી હોવાથી દેખાડા સિવાયનો સાચો વિરોધ કરવાની હિંમત વિપક્ષના આગેવાનો બતાવી શકતા નથી. વળી ક્યારેક કોઈ ભાગબટાઈમાં અન્યાય થાય તો જ

# વડોદરાના બે હજાર ટ્યૂશન ક્લાસમાંથી ૮૦% પાસે ફાયર NOC અને ૯૭% સ્કૂલોમાં ફાયર સેફ્ટીના નિયમ નથી

વડોદરાઃ સુરતમાં એક કોમ્પલેક્સમાં આગ લાગતા કોમ્પલેક્સમાં આવેલા ટ્યુશન ક્લાસમાં એક વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું અને એક શિક્ષક તેમજ ૩૫થી વધુ વિદ્યાર્થીઓ ગુંગળાઇ ગયા હતા. આ બનાવને ધ્યાનમાં રાખી શહેરના કોર્પોરેટરે મ્યુ. કમિશનરને પત્ર લખી વડોદરામાં એક શાળા પેટ્રોલ પંપ પાસે અને બીજી એક શાળા ગેસ લાઇન પાસે આવેલી હોય આ બન્ને સ્કુલમાં બાળકોની સુરક્ષા માટે ફાયર સેફ્ટીની સુવીધાઓ ઉપલબ્ધ થાય તે અંગે કાર્યવાહી કરવા અને સ્કુલ આસપાસના જોખમો દુર કરવા માટે રજૂઆત કરી છે. બીજી તરફ ટીમ રિવોલ્યુશન નામની સંસ્થાએ પણ કલેક્ટરને આવેદન પત્ર આપીને શહેર જિલ્લાની ૯૭ ટકા શાળામાં અને ૧૦૦ ટકા કોચિંગ ક્લાસમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન ન થતું હોવાનો આક્ષેપ કરી આ અંગે કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. એક અંદાજ મુજબ વડોદરામાં અંદાજે બે હજાર જેટલા કોચિંગ ક્લાસ આવેલા છે અને તે પૈકી ૮૦ ટકા પાસે ફાયર એન.ઓ.સી. જ નથી.ધમધમતા ખાનગી કોચિંગ ક્લાસીસની નોંધણી માટે કોઇ ઓથોરિટી નથીસુત્રોના જણાવ્યા પ્રમાણે વડોદરા શહેરમાં પણ એવી ઘણી બધી સ્કૂલો છે કે જે પેટ્રોલપંપની પાસે, હાઈટેંશન લાઇનોની પાસે અને ટ્રાફિકવાળા રસ્તાઓ પર આવેલી છે. આ ઉપરાંત ગોત્રી- સેવાસી રોડ પર આવેલી શૈશવ સ્કૂલ અને તેની બાજુમાં આવેલ એસ્સારના પેટ્રોલ પમ્પ વચ્ચે માત્ર એક જ દીવાલ હોઈ જો ભવિષ્યમાં ક્યારેક પેટ્રોલ પમ્પ પર આગ લાગે તો શૈશવ સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો માટે મોટી હોનારત સર્જાઈ શકે તેમ છે. જ્યારે ગોરવા વિસ્તારમાં આવેલ સી.કે પ્રજાપતિ સ્કૂલ ગેઇલ ઇન્ડિયા લિમિટેડની ગેસ લાઇન પર આવી હોવાથી આગના બનાવ વખતે વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાઈ જાય તેમ છે.આ સિવાય પણ કોઈ મંજૂરી કે સુરક્ષાના ધારાધોરણો મુજબ ચાલતા સેંકડો કોચિંગ ક્લાસીસના વિદ્યાર્થીઓની સુરક્ષા સામે મોટો સવાલ ઉભો થતો હોઈ કાઉન્સિલર રાજેશ આયરેએ મંગળવારના રોજ આ બંને શાળાઓની

## ભાજપે ઝડફિયાને બે વીકમાં જ યુપીના પ્રભારી પદેથી હટાવ્યા, હવે માત્ર ચૂંટણી ઈન્ચાર્જ રહેશે

અમદાવાદઃ ભાજપ હાઈકમાન્ડે ૨૭ ડિસેમ્બરે પૂર્વ ગૃહ રાજ્યમંત્રી ગોરધન ઝડફિયાને ઉત્તરપ્રદેશના પ્રભારી તરીકે નિયુક્ત કર્યા હતા. પરંતુ ઝડફીયાની નિયુક્તિના બે વીકમાં જ હાઈકમાન્ડે કેબિનેટ મંત્રી જે.પી.નડ્ડાને યુપી પ્રભારી બનાવી દીધા છે. જ્યારે ઝડફિયા હવે ચૂંટણી ઈન્ચાર્જ તરીકે રહેશે.૧.ઝડફિયાએ એક સમયે ગુજરાતમાં મોદી સરકાર સામે બળવો કર્યો હતો. તેમજ મહાગુજરાત જનતા પાર્ટી બનાવીને બે વિધાનસભા અને એક લોકસભા ચૂંટણીમાં ભાજપ સામે ઉમેદવારો ઉતાર્યા હતા. ત્યાર બાદ તેઓ કેશુભાઈ પટેલના નેતૃત્વમાં બનેલી જીપીપીમાં જોડાયા હતા. પરંતુ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં પરાજય થયા બાદ જીપીપીનું બીજેપીમાં વિલીનીકરણ થયું હતું. માત્ર એટલું જ નહી, હાઈકમાન્ડે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ઝડફીયાને ટિકિટ પણ આપી નહોતી.

# બાળકના વજનના દસ ટકાથી વધુ સ્કુલ બેગનુ વજન રાખી શકાશે નહીં

ગાંધીનગર : શાળામાં ભણતા બાળકોના દફતરનું વજન ઓછુ કરવા માટે કેન્દ્ર સરકારના પરિપત્ર બાદ ગુજરાત સરકારે પણ તેનો અમલ કરવાનું નક્કી કર્યું છે. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ આ જાહેરાત કરતા જણાવ્યું કે સ્કુલ બેગના અને વાલીઓ માટે ઘડી કાઢી છે જેનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

સ્કુલ બેગના વધુ પડતા વજનને કારણે ઘણા બાળકોને પીઠનો દુખાવો સ્નાયુ જકડાઈ જવા મણકાનો ઘસારો ડોકનો દુખાવો વગેરે જેવી બીમારીઓ થઈ જતી હોય છે. બાળકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને સરકારે નક્કી કર્યું છે કે વિદ્યાર્થીઓના દફતરનું વજન તેના વજનના ૧૦ ટકા કરતા કોઈ પણ સંજોગોમાં વધારે હોવું જોઈએ નહી, જે શાળા આ નિયમનું પાલન નહી કરે અને વિદ્યાર્થીઓને વધુ વજનની સ્કુલ બેગ લાવવાની ફરજ પાડશે તેમની સામે સ્કૂલની માન્યતા રદ કરવા સહિતના પગલા ભરાશે.ઉપરાંત ધોરણ ૧ અને ૨માં ભણતા વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનું લેસન આપું નહી. જયારે ધોરણ ૩ થી ધોરણ ૫ ના વિદ્યાર્થીઓને અડધો કલાક તથા ધોરણ ૬,૭ અને ૮ ના વિદ્યાર્થીઓને એક કલાકનો હોમ વર્ક આપવાનું રહેશે.બીજું શિક્ષણ મંત્રી એવી સ્પષ્ટતા પણ કરી છે કે શિક્ષણ વિભાગ દ્વારા અધિકૃત પુસ્તકો અને સાહિત્યનો જ ઉપયોગ કરવો પડશે.

# રાજ્યભરમાં નાગરિકો માટે ૩૦ નવી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ

ગાંધીનગર : રાજ્યમાં હાલ ૫૮૭ એમ્બયુલન્સ કાર્યરતઃ કાર્યરત ૨૬૧ વાન બદલીને નવી ૬૩ ઉમેરવા કુલ ૩૨૪ નવી એમ્બયુલન્સ વાન ખરીદાઈનાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજયમાં અકસ્માત કે આપત્તિના સમયે ઈજાગ્રસ્ત-બિમાર વ્યક્તિને તાત્કાલીક સારવાર પૂરી પાડવા''૧૦૮ એમ્બ્યુલન્સ વાન'' સેવા રાજયમાં પ્રચલિત બની છે. એને વધુ સુદ્રઢ બનાવવા નવી અત્યાધુનિક સુવિધા સંપન્ન એમ્બયુલન્સ વાન કાર્યરત કરાઇ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ-શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિતિમાં નવી ૩૦ એમ્બ્યુલન્સ વાનનું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવીને લોકાર્પણ કર્યુ હતું. નાયબ મુખ્યમંત્રી આ અંગે વધુ કહ્યું કે,રાજયભરમાં હાલ ૫૮૭ એમ્બયુલન્સ કાર્યરત છે અને કાર્યરત ૨૬૧ એમ્બયુલન્સ વાન બદલીને નવી ૬૩ ઉમેરવા આ વર્ષે નવી ૩૨૪ એમ્બયુલન્સ વાન ખરીદાશે.


**INDOSTAR CAPITAL FINANCE LTD**

**Registered Office:** One Indiabulls Centre, 20th Floor, Tower 2A, Jupiter Mills Compound, Senapati Bapat Marg, Mumbai - 400013, India.
**Branch Office:** 704, Titanium Square, Adajan, Surat - 395009, Gujarat.

**સીકયુરીટાઇઝેશન અન્ડ રીસન્સટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસટે એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨,ની કલમ ૧૩(૨)ના હેઠળ સુચના**

ઈન્ડોસ્ટાર કેપીટલ ફાઈનાન્સ લિમિટેડનો નીચે સહી કરનાર સત્તાવાર અધિકારી અહી જણાવેલ નોટીસ નીચે જણાવેલ કરજદારોને -સહ કરજદારોને તેઓ તેમની કાયદેસરની જવાબદારી પુરી કરવામાં નિષ્ફળ ગયા છે.દા.ત. ઈન્ડોસ્ટાર કેપીટલ ફાઈનાન્સ લિમિટેડના પાસેતી તેમણે મિલકતની સામે જે લોન લીધી હતી તે લોનની મુળ રકમ અને તેનું વ્યાજ અને અન્ય ખર્ચા વગેરે યુકવવામાં નિષ્ફળ ગયા છે. આ ઉછીના લીધેલી રકમ ઈન્ડોસ્ટાર કેપીટલ ફાઈનાન્સ લિમિટેડ કંપની માટે હવે અન ઉત્પાદક એટલે કે નોન પરફોર્મીંગ એસેટ (એનપીએ) કંપની મારફતે અનુક્રમે તા.૧૨મી ડીસેમ્બર ૨૦૧૮ ના રોજ સીકયુરીટાઇઝેશન અન્ડ રીસન્સટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસટે એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨,ની કલમ ૧૩(૨)ના હેઠળ તેમને નોટીસ આપી હતી.તે નિયમ મુજબ તેમના અમને જણાવેલા સરનામે તા.૨૧ ડીસેમ્બર ૨૦૧૮ ના રોજ ઈન્ડીયન પોસ્ટ મારફતે મોકલી હતી.તે નોટીસ બજાવ્યા વગરની પરત આવી છે. અને એવું લાગે છે કે આ લોકો સુચના લેવાનું ટાળે છે અને એટલા માટે , આમાં નામ આપેલા કરજદારો, સહ કરજદારો અને જામીનદારોના નામ જે નીચે આપેલા છે તે સાર્વજનિક સુચનાથી ખબર આપવામાં આવે છે કે આ લોકોએ ઉછીના લીધેલા બાકી નિકળતી રકમ અને જે મિલકત સામે માટે લીધેલી છે તે તમામની વિગતો અહી નીચે આપેલી છે.

| કરજદાર, સહ કરજદારના નામ અને સરનામાં | ગીરો મીલકતમનું વર્ણન | માગણાનોટીસ મોકલ્યા તારીખ અને રકમ |
|---|---|---|
| કરજદારનું નામ<br>તૃમી એનર્જી સોલ્યુશન પ્રાઈવેટ લીમીટેડ<br>એમ-૩૬,કોર્નર પોઈન્ટ શોપીંગ કોમ્પલેક્ષ સીટી લાઇટ રોડ,સેજલ એપા. સામે સુરત-૩૯૫૦૦૭<br>સહ કરજદાર<br>રુષભ બજરંગ ટીબરેવાલા<br>૧,બી, રત્ના વિનય એપાર્ટમેન્ટ<br>પીપલોદ, શારદાયતન સંકુલની પાછળ,<br>પીપલોદ,સુરત-૩૯૫૦૦૭<br>બજરંગ તીબરેવાલા<br>૧,બી, રત્ના વિનય એપાર્ટમેન્ટ<br>પીપલોદ, શારદાયતન સંકુલની પાછળ,<br>પીપલોદ,સુરત-૩૯૫૦૦૭<br>તૃમી ફયુલ સપ્લાય કં<br>એમ-૩૬,કોર્નર પોઈન્ટ શોપીંગ કોમ્પલેક્ષ<br>સીટી લાઇટ રોડ,સેજલ એપા. સામે<br>સુરત-૩૯૫૦૦૭<br>સહી કરવાની સત્તાવાળાની પ્રતિનિઘી<br>Lone.no-LSSUR03617-180001836<br>Lone.no-LSSUR03017-180001837 | મિલકત ૧ નો તમામ ભાગ અને હસ્સો -દુકાન નં.૧૦૦૭, ૧૦૨૪, ૧૦૭૭, ૧૧૮૦, ૧૧૮૯, ૨૦૧૧, ૨૦૮૮, ૨૦૯૦, ૨૨૧૧ રજકમલ મોલ,પાણીની ટાંકી સામે,ઘોડાદરા,ડીંડોસી સુરત<br>મિલકત ૨ દુકાનનં.૧૧૪૬, ૧૧૭૦, ૧૧૭૧, ૧૧૭૨, ૧૧૭૯, રાજકમલ મોલ, પાણીની ટાંકી સામે ઘોડાદરા, દિદોલી સુરત | ૨૧ ડીસેમ્બર ૨૦૧૮<br>કુલ લોન બે<br>**Lone.no-LSSUR03617-180001836**<br>**Lone.no-LSSUR03017-180001837**<br>Rs.1,62,07,625<br>(એક કરોડ બાસઠ લાખ સાત હજાર છસ્સો પચ્ચીસ પુરા) |
| કરજદારના નામ<br>તૃમી એનર્જી<br>સોલ્યુશન પ્રાઈવેટ લીમીટેડ<br>એમ-૩૬,કોર્નર પોઈન્ટ શોપીંગ કોમ્પલેક્ષ<br>સીટી લાઇટ રોડ,સેજલ એપા. સામે<br>સુરત-૩૯૫૦૦૭<br>સહ કરજદાર<br>રુષભ બજરંગ ટીબરેવાલા<br>૧,બી, રત્ના વિનય એપાર્ટમેન્ટ<br>પીપલોદ, શારદાયતન સંકુલની પાછળ,<br>પીપલોદ,સુરત-૩૯૫૦૦૭<br>બજરંગ તીબરેવાલા<br>૧,બી, રત્ના વિનય એપાર્ટમેન્ટ<br>પીપલોદ, શારદાયતન સંકુલની પાછળ,<br>પીપલોદ,સુરત-૩૯૫૦૦૭<br>સહી કરવાની સત્તાવાળાની પ્રતિનિઘી<br>Lone.no-LSSUR03017-180001474 | ગીરો મીલકતમનું વર્ણન<br>મિલકત ૧ નો તમામ ભાગ અને હસ્સો -દુકાન નં.૧૦૦૭,૧૦૨૪,૧૦૭૭,૧૧૮૦,૧૧૮૯,૨૦૧૧, ૨૦૮૮,૨૦૯૦,૨૨૧૧ રજકમલ મોલ,પાણીની ટાંકી સામે,ઘોડાદરા,ડીંડોસી સુરત<br>મિલકત ૨<br>દુકાનનં.૧૧૪૬,૧૧૭૦,૧૧૭૧,૧૧૭૨,૧૧૭૯, રાજકમલ મોલ, પાણીની ટાંકી સામે<br>ઘોડાદરા, દિદોલી સુરત | ૨૧ ડીસેમ્બર ૨૦૧૮<br>કુલ લોન એક<br>Rs.1,56,29,027<br>(એક કરોડ છપ્પન લાખ ઓગણત્રીસ હજાર સત્યાવીસ પુરા) |

| અનુક્રમ ન. | લોન એકાઉન્ટ નં. | બાકી નિકળતી રકમ |
|---|---|---|
| ૧ | Lone.no-LSSUR03617-180001836 | Rs.70,50,416/- |
| ૨ | Lone.no-LSSUR03017-180001837 | Rs.91,57,209/- |
| ૩ | Lone.no-LSSUR03017-180001474 | Rs.1,56,29,027/- |
| | Total | Rs.3,18,36,652/- |

જે નોટીસ બજી નથી તેમની સામે પગલા લેવાઇ રહ્યા છે. ઉછીનું લેનાર લોકોના માટે, ન મળેલા- લિઘેલા સૂચનાઓના જગ્યાએ આ પગલું ઉપાડવામાં આવ્યુ છે ઉપર લખેલા, ઉછીનું લેનાર-સહ- ઉછીનું લેનાર- જામીનદારોને, સલાહ આપીયે છે કે, આ સાર્વજનિક સૂચના વર્તમાનપત્રમાં આવ્યા દિવસથી ૬૦દિવસમાં,તમે લોકોએ માંગ કરેલી રકમ અને એના ઉપરનુભવિષ્યમાનું વ્યાજ અને લાગૂ થતા બીજા ચાર્જેસ(ઈન્ડોસ્ટાર કેપિટલ ફાઈનાન્સ લિમિટેડ,બીજા કોઈપણ હકને અથવા ઉપાય યોજના ને કોઈપણઅડચણ ના આવી દઈને) સેક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્રસ એન્ડ એન્ફોર્સમેંટ ઓફ સેક્યુરિટી ઈંટરાસ્ટ એકટ,૨૦૦૨ના કલમ ૧૩(૪)ના હેઠળ,તૈયાર કરવામાં આવેલા નિયમોના એઠળ ઘરેણેમુકેલી વસ્તુ.મિલકતનો તાબો લેવાના આગળના પગલા ઉપાડ્યા જશે. ઉપર લકેલા પક્ષકારોને, અમે આવી પણ સલાહ આપીયે છે કે તમે અહીં લખેલા મિલકતોનું કોઈપણ બીજાના હિતસંબંધ નિર્માણ ના કરશો, જેનાપર ઈન્ડોસ્ટાર કેપિટલ ફાઈનાન્સ લિમિટેડ નો પ્રથમ હક છે.

ઠેકાણુઃ સૂરત
તારીખઃ ૧૦-૧-૧૯

સહી-(સંજય સોનાર
કંપ સત્તાવાર અધિકારી